તા. ૧૪-૭-૨૦૨૫
દિવ્ય ભાસ્કર
પાના નં. ૨

મંડે મેગા સ્ટોરી | સેપ્ટના વિદ્યાર્થીઓએ 4 વિસ્તારમાં કરેલા સરવેનું તારણ

# મેટ્રો આવ્યા પછી થલતેજ, યુનિવર્સિટી નજીક 500 મીટરમાં પ્રોપર્ટીના ભાવ ડબલ થઈ ગયા

## 2015માં થલતેજમાં પ્રતિ ચોરસ મીટર ભાવ 18 હજાર હતો, જે વધીને 32,400 થઈ ગયો

અનિરુદ્ધસિંહ પરમાર | અમદાવાદ

સેપ્ટના ફેકલ્ટી ઓફ પ્લાનિંગ વિભાગના વિદ્યાર્થી દેવીલાલ ગજેન્દ્ર પિંપલાએ શહેરમાં મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ પર એક રિસર્ચ કર્યું હતું, જે મુજબ મેટ્રો સ્ટેશનની આસપાસના વિસ્તારોની પ્રોપર્ટીના ભાવમાં મોટો વધારો થયો છે. રિસર્ચમાં સામેલ કરાયેલા થલતેજ, યુનિવર્સિટી સહિતના સ્ટેશનની આસપાસના 500 મીટરના વિસ્તારમાં રહેઠાણ, દુકાન, ઓફિસ સહિતની પ્રોપર્ટીના ભાવમાં મોટો વધારો થયો છે. 2015માં થલતેજમાં રહેઠાણનો પ્રતિ ચોરસ મીટર ભાવ રૂ. 18 હજાર હતો, જે વધીને 32,400 થઈ ગયો છે.

રિસર્ચમાં એ પણ સામે આવ્યું કે, મેટ્રોમાં મુસાફરી કરનારા લોકો ટિકિટની કિંમતથી સંતુષ્ટ છે, પરંતુ હજુ લોકોની સુવિધામાં કચાશ છે. સેપ્ટના સિનિયર એસોસિએટ પ્રોફેસર અનિલકુમાર રોયે જણાવ્યું કે, ચાર મેટ્રો સ્ટેશનની આસપાસ વિદ્યાર્થીઓએ સરવે કર્યો હતો. મેટ્રો લોકોને પોસાય છે. મેટ્રો સ્ટેશનથી આસપાસના વિસ્તારો સાથે કનેક્શન વધારતા લોકલ ટ્રાન્સપોર્ટ સુવિધા વિકસાવવી જોઈએ. વિદ્યાર્થીઓએ જે તે વિસ્તારના સ્થાનિક બિલ્ડરોને પૂછીને 10 વર્ષમાં જમીન, ફ્લેટ, ઓફિસોના ડેટા પણ તૈયાર કર્યો છે.

## મેટ્રો સ્ટેશન પાસે હજુ આ સુવિધાનો અભાવ, રિસર્ચમાં સૂચન

- અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને મેટ્રો સ્ટેશનની આસપાસ પેડેસ્ટ્રિયન માટે સુવિધા વિકસાવવી જોઈએ.
- સ્ટેશનની આસપાસની ફૂટપાથને રિડિઝાઇન કરવાની જરૂર છે.
- મેટ્રો સ્ટેશનમાંથી બહાર નીકળ્યા બાદ લોકલ ટ્રાન્સપોર્ટ માટે સાઇન બોર્ડની સુવિધા ઊભી કરવી જોઈએ.
- મેટ્રો સ્ટેશનની આસપાસ પેડેસ્ટ્રિયન માટેની પ્રાથમિકતા વિકસાવવી જોઈએ. ફૂટપાથોને પહોળી કરવી, રસ્તાની વચ્ચે અડચણ હટાવીને ફરી ડિઝાઇન કરવી, યોગ્ય ટાઇમિંગ ધરાવતા સિગ્નલ લગાવવા, લોકો માટે છાંયો આપે તેવા અને આરામદાયક બેઠક વ્યવસ્થા સાથે વોક વે પણ બનાવવો પડશે.
- જાહેર રસ્તાઓ પર રેમ્પ, ટેક્સટાઇલ પથને સમતળ, કોઈ અડચણરહિત રસ્તાઓ બનાવવા અનિવાર્ય છે. અમદાવાદ મ્યુનિ. અને મેટ્રો ઓથોરિટી દ્વારા સંયુક્તરૂપે મલ્ટી મોડલ હબ લાગુ કરવું જોઈએ, જેથી મેટ્રો, એએમટીએસ, બીઆરટીએસ અને રિક્ષા વચ્ચે કોઈ અડચણ વગર ટ્રાન્સફર થઈ શકે તેવી એક જ ટિકિટ અને સરળ ટ્રાન્સફર થઈ શકે તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.
- GMRCLએ સ્ટેશનો પર સમાન ડિઝાઇન અને સુવિધા અપનાવવી જોઈએ, જેમાં લિફ્ટ, ઓડિયો- વિઝ્યુલ જાહેરાત અને બ્રેઇલ લિપિમાં સૂચનાનું આદાનપ્રદાન પણ હોવું જોઈએ.
- ચોક્કસ સમયે એક્સેસેબિલિટીનું ઓડિટ કરાવવું જોઈએ.
- મેટ્રો સ્ટેશનની આસપાસના વિસ્તારોને ઔડા દ્વારા વિકસાવવા જોઈએ.

## રેસિડેન્શિયલ, પ્લોટ, ઓફિસના કયા વિસ્તારમાં કેટલા ભાવ વધ્યા?

| | થલતેજ | | ગુજરાત યુનિવર્સિટી | | ઘી કાંટા | | નિરાંત ચોકડી | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 2015 | 2025 | 2015 | 2025 | 2015 | 2025 | 2015 | 2025 |
| ખાલી પ્લોટ | 21 હજાર | 42 હજાર | 17,250 | 34,500 | 33,750 | 67,500 | 7,250 | 14,500 |
| રહેઠાણ | 18 હજાર | 32,400 | 18 હજાર | 32,400 | 12 હજાર | 21,600 | 9 હજાર | 16,200 |
| ઓફિસ | 28,500 | 42,750 | 38 હજાર | 57 હજાર | 31,500 | 47,250 | - | - |
| દુકાન | 47,500 | 95 હજાર | 52 હજાર | 1,04,000 | 58,250 | 1,16,500 | 36,500 | 73 હજાર |

(ભાવ પ્રતિ ચોરસ મીટર મુજબ છે, વિદ્યાર્થીઓએ આ ભાવ સ્થાનિક બિલ્ડરો પાસેથી લીધા છે)